# વાવોલ રેલવે ક્રોસીંગ પરના રીપેરીંગ કામે અનેક વાહન ચાલકોને મુશ્કેલીમાં મુક્યા

**રીક્ષા-સ્કૂટર-બાઈક ચાલકોને સૌથી વધારે પરેશાની ભોગવવી પડી રહી છે : આજે સવારે એક શટલીયા રીક્ષાની એકસેલ તુટી : રેલવેના પાટા દબાઈ ગયા હોવાથી રીપેરીંગ હાથ ધરાયું છે**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના એસટી ડેપોથી વાવોલ તરફ જતા મોટાભાગે ગાંધીનગર અને અમદાવાદ હોવાથી એસટી ડેપો તરફ જવા આ માર્ગે સારો એવો ટ્રાફિક રહેતો હોય છે. વળી, આ રસ્તે પથિકાશ્રમથી વાવોલની એસટી બસ સીટી બસ અને સટલીયા રીક્ષાઓ પણ મોટી સંખ્યામાં અવર-જવર કરે છે. જેના કારણે જ્યારે ટ્રેઈન પસાર થતી હોય ત્યારે ફાટક બંધ હોય તે વખતે અહીં ભારે ટ્રાફિક જમા થાય છે જેમાં રીક્ષા, ટુવ્હીલર, કાર અને અન્ય વાહનો પણ હોય છે.





(તસવીર : સમીર રામી)

ત્રણ નંબરના માર્ગના અંતે આવેલ રેલવે ક્રોસીંગ પર છેલ્લા ત્રણ દિવસથી સમારકામ ચાલી રહ્યું હોઈ વાહનચાલકો ખાસ કરીને ઓટો રીક્ષા અને ટુવ્હીલર્સના ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ કારણે દિવસ દરમ્યાન અસંખ્યવાર આ ક્રોસીંગ પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાઈ રહ્યા છે અને અનેક વાહનોને નાનુ-મોટુ નુકશાન થઈ રહ્યું છે.

વાવોલ ગામમાં પ્રવેશવાના મુખ્ય માર્ગ પરના આ રેલવે ફાટકે રેલવે લાઈનના પાટા જમીનમાં ઊંડા ઉતરી જવાથી રેલવે સત્તાવાળાઓ તરફથી તેનું સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. આ સમારકામ માટે રેલવે પાટાની બન્ને તરફ અને વચ્ચેના ભાગે ડામરનો રોડ ખોદી નાંખીને તેમાં મોટા મોટા કપચીના પથ્થરો ભરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી આ કાર્ય મંદ ગતિએ ચાલતુ હોઈ આ ફાટકે ખાસ કરીને જ્યારે ટ્રેઈન પસાર થાય પછી જમા થયેલા ટ્રાફિકને પસાર થવામાં ભારે હાલાકી પડી રહી છે. વાવોલ ગામની આસપાસ ગુડા વિસ્તારમાં સારો વિકાસ થવાથી અનેક ફ્લેટ્સ અને ટેનામેન્ટસની સોસાયટીઓ અસ્તિત્વમાં આવેલ છે જેમાં રહેતા રહેવાસીઓના કાર્યક્ષેત્ર

રેલવે દ્વારા આ લાઈનને રીપેરીંગ કરવા ફાટકની વચ્ચે ડામરને ઉખાડી તેમાં મોટા કપચીના પથ્થરો ભરી દેવાયા છે. આ કારણે અંહી રીક્ષાઓ અને સ્કૂટર ચાલકોને નાના પૈડા હોવાથી ખૂબ મુશ્કેલી પેદા થાય છે અને ઘણીવાર રીક્ષામાંથી મુસાફરોએ જાતે નીચે ઉતરીને ધક્કા મારવા પડે છે. આજે સવારે આવી જ એક શટલીયા રીક્ષા આ બંને પાટા વચ્ચે ફસાઈ જતા તેની એકસેલ તુટી જવા પામી હતી અને ચાલકને નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. ફાટક પરના ગેટમેનને પુછપરછ કરતાં હજુ તેણે ત્રણ ચાર દિવસ આ કામને લાગશે તેવો ઉડાઉ જવાબ આપ્યો હતો. ઘણા સ્કૂટર ચાલકો અને બાઈક ચાલકોને પંચર પડવાના બનાવ પણ બનવા પામેલ છે. જેના કારણે આ ક્રોસીંગ પરનું સમારકામ સત્વરે પુરૂ થાય તેવી ગ્રામજનોમાં માંગ ઉઠવા પામી છે.

# સેક્ટર-૬માં એક્ટીવા પર જતી મહિલાનો ધોળે દિવસે દોરો ખેંચાયો

**બાઈક પર આવેલ બે ચેઈન સ્નેચર્સ રૂ. ૨૫ હજારનો દોરો આંચકી પલાયન**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરનાં સેક્ટર-૬ રીંગ રોડ પરથી એક્ટીવા લઈને પસાર થઈ રહેલી એક મહિલાના ગળામાંથી આજે ધોળે દિવસે બાઈક પર ડબલ સવારી આવેલા બે ચેઈન સ્નેચર્સે ચાલુ વાહને દોરો આંચકી લઈ ચેઈન સ્નેચીંગ કરી લીધાની ઘટના બનવા પામી છે. રૂ. ૨૫ હજારનો દોરો આંચકી પળવારમાં રફુચક્કર થઈ જનાર બે અજાણ્યા શખ્સો સામે સે. ૭ પોલીસે મહિલાની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૬-એ પ્લોટ નં. ૪૮૮/૨ ખાતે રહેતી મહિલા વિલાશાબેન અશોકભાઈ પટેલ આજે બપોરે સવા એક વાગ્યાના અરસામાં પોતાનું એક્ટીવા લઈને સે. ૬ રીંગરોડ પરથી પસાર થઈ રહી હતી. રીંગરોડ પર શાક માર્કેટ પાસે મહિલા એક્ટીવા લઈને પહોંચી ત્યાં પાછળથી બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો ચાલુ બાઈકે તેણીની પાસે પહોંચી ગયા અને ગળામાં હાથ મારીને વિલાશાબેને પહેરેલો સોનાનો રૂ. ૨૫ હજારની કિંમતનો દોરો આંચકી લીધો હતો. મહિલાએ બુમાબુમ કરતા આસપાસના રહીશો ઘટના સ્થળે દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં બન્ને ચેઈન સ્નેચર્સ બાઈક પર ફરાર થઈ ગયા હતા. સે. ૭ પોલીસ મથકના પી.એસ.આઈ. એમ.એલ. પરમારે મહિલાની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

# નિલોફર વાવાઝોડાના પગલે ચિલોડા પંથકમાં ખેડૂતો ચિંતાતુર

**ડાંગર-કપાસના પાકનો ઉતારો લેવામાં ખેડૂતો વ્યસ્ત : મોમાં આવેલો કોળિયો ઝુંટવાઈ જવાની દહેશત : ચિલોડા માર્કેટયાર્ડમાં ડાંગરની આવક વધી**

ચિલોડા, તા. ૨૯

ચિલોડા પંથકના ખેડૂતોમાં રાજ્યમાં ત્રાટકી રહેલા નિલોફર વાવાઝોડાના પગલે ચિંતાનું મોજુ હતો. આ બધી વિકટ પરિસ્થિતિઓ બાદ ઝીંડવા ફાટ્યા પછી હવે વાતાવરણ પ્રતિકૂળ બનતા ખેડૂતોને નુકશાન જવાની ભીતિ સતાવી રહી ડાંગરના પાકથી ખેતરો લહેરાયા છે અને ખેડૂતો દ્વારા ડાંગરની કાપણી અને ઝુડવાનું કામ પુરજોશમાં હાથ ધરવામાં આવ્યું છે. આ સમયે જ નિલોફર



(તસવીર : નટુભાઈ પટેલ)

છવાયું છે. આ ખેડૂતો કપાસ અને ડાંગરનો પાક તૈયાર હોવાથી સત્વરે ઉતારો લેવામાં વ્યસ્ત બન્યા છે.

નિલોફર વાવાઝોડાના પગલે સમગ્ર તાલુકામાં બે દિવસથી વાતાવરણ વાદળછાયુ બનવા પામેલ છે. વાતાવરણમાં આવેલા આ પલ્ટાને કારણે ચિલોડા પંથકના ખેડૂતો ચિંતાતુર બન્યા છે. અગાઉ પણ નવરાત્રી સમયે વરસાદ પડતા કપાસની પહેલી વીણીમાં નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો અને હાલમાં પણ કપાસના ઝૂંડવામાં સુકારો અને રોગચાળાનો માહોલ પણ સર્જાયો છે અને કપાસનું ઉત્પાદન ઘટે તેવી શક્યતાઓ ઉભી થવા પામી છે. વાતાવરણમાં આવેલા બદલાવના કારણે ખેડૂતોએ કપાસનો ઉતારો લેવાનું ચાલુ કરી દીધેલ છે. બીજી બાજુ મોંઘા ભાવનું બિયારણ અને દવાઓ વાપર્યા પછી પણ જો કપાસના ભાવો બજારમાં પોષણક્ષમ નહી મળે તો કફોડી પરિસ્થિતિ પેદા થશે તેની ચિંતા પણ આ વિસ્તારના કિસાનોને સતાવી રહી છે.

આ વર્ષે છેલ્લે છેલ્લે વાતાવરણ અનુકૂળ થતા ખેડૂતોએ ખરીફ પાકમાં ડાંગરનું વાવેતર કર્યું હતું જેના પરિણામે વાવાઝોડાના પગલે વરસાદની શક્યતાઓ ઉભી થતા આ તૈયાર પાક પણ બગડે નહી તે માટે ખેડૂતોએ કમર કસી છે. ચિલોડાના માર્કેટયાર્ડમાં પણ આ કારણે ડાંગરની આવકમાં સારો એવો વધારો થવા પામ્યો છે અને લાભ પાંચમના દિવસથી ડાંગરની આવકનો શુભારંભ થવા પામ્યો છે. જો કે માર્કેટયાર્ડની હરાજીમાં પણ ડાંગરના ભાવો પોષણક્ષમ ન મળતાં ખેડૂતોમાં નિરાશા ફેલાવા પામી છે. આટલી વિષમ પરિસ્થિતિઓ છતાં જગતનો તાત કુદરત પર ભરોસો રાખી મથામણ કરી રહ્યો છે.

# અમદાવાદ શહેર પશ્ચિમ વિભાગ બ્રહ્મસમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ અમદાવાદ શહેર પશ્ચિમ વિભાગ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન-૨૦૧૪ યોજવામાં આવશે.

આગામી તા. ૨૮ ડિસેમ્બર, રવિવારે ભૂયંગદેવ ચાર રસ્તા મેમનગર સ્થિત સ્વાગત પાર્ટી પ્લોટ ખાતે જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવશે. જે અંગેના ફોર્મ સંસ્થાના નવા કાર્યાલય ૧૫/૧૭૦ પારસનગર વિભાગ-૨ મનોરમા પાર્ટીપ્લોટ સામે સોલારોડ ખાતેથી મેળવી લેવાના રહેશે. આ ફોર્મ ૩૦ નવેમ્બર પહેલા રૂ. ૬૦૦ રોકડા સાથે પરત કરવાનું રહેશે. જેમાં ઉમેદવારને માહિતી પુસ્તિકા, ત્રણ વ્યક્તિ માટેના પ્રવેશ અને ભોજન પાસ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અગાઉના બે વર્ષમાં ૧૦૬૯ તેમજ ૧૦૭૫ જેટલા ઉમેદવારોએ ભાગ લીધો હતો. આ અંગેની વધુ માહિતી કુમુદ રાવલ - ૯૮૨૪૩૫૪૪૮૮, કિર્તન જાની - ૯૮૨૫૮૦૧૬૦૭ પર સંપર્ક કરવા જણાવ્યુ છે.

# વી-કેર ફાઉન્ડેશન સરદાર પટેલ જયંતિ વિશેષ રીતે મનાવશે


ગાંધીનગર, તા. ૨૯

વી-કેર ફાઉન્ડેશન સરદાર પટેલની ૧૪૦મી જન્મ જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન હાથ ધરશે. તા. ૩૧ ઓક્ટોબરના રોજ તમામ સભ્યો નગરના સેક્ટર-૧માં આવેલ તળાવની ગંદકી દૂર કરી મોતી જેવુ બનાવશે. શુક્રવાર સવારે ૬ થી ૮.૩૦ દરમિયાન યોજાનાર કાર્યક્રમમાં નગરજનોને ખભેથી ખભો મિલાવવા રાજુ પટેલે અપીલ કરી છે.

# શ્રી જય અંબે પરિવાર આયોજીત રજત જયંતિ મહોત્સવમાં શ્રી અશ્વિનકુમાર પાઠકજીનો સુંદરકાંડ પાઠ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

શ્રી જય અંબે પરિવાર શ્રી રામચરિતમાનસના પાંચમા સોપાન સુંદરકાંડ માટે વિશ્વવિખ્યાત મહોત્સવને ખૂબ જ સફળતા મળી રહી છે એવા ભગવાન શ્રી રામ,



ગાંધીનગર દ્વારા રજત જયંતિ મહોત્સવના ચોથા દિવસે અને સહસ્ત્રચંડી મહાયાગના બીજા દિવસે ચાર વેદોના મંત્રઘોષ સાથે પ્રાત: પૂજન, ચંડીપાઠ આવર્તન, કન્યા પૂજન, પ્રધાનહોમ, રાજોપચાર પૂજા, સાયં પૂજા, પ્રેરક પ્રવચન અને સાયં મહાઆરતી કરવામાં આવી.

સોલા ભાગવતના આચાર્યશ્રી કેવલભાઈ શાસ્ત્રી તથા ૧૦૮ ભૂદેવો અને જય અંબે પરિવારના આચાર્યો દ્વારા પંચકર્મ, મંડપ પ્રવેશ, મંડપ વાસ્તુ, અરણી મંથન દ્વારા અગ્નિ પ્રાગટય, સ્થાપિત દેવતા પૂજન, સાયં પૂજન તથા સાંય આરતીથી ૭૦ યજમાનોને હસ્તે પૂજા અર્ચન કરાવી, દરેક વિધિની ખૂબ જ ઉંડાણ પૂર્વક સમજુતી આપી તા. ૨૮ના રોજ મહાયાગના પ્રથમ દિવસની પૂજા સંપન્ન કરવામાં આવી.

તેમજ રાત્રી કાર્યક્રમમાં હનુમાન દાદાના પરમ ઉપાસક અને શ્રી અશ્વિનકુમાર પાઠકજીનો, છેલ્લા ૫૨૬૩ દિવસમાં સતત ૫૪૧૮મો સુંદરકાંડનો પાઠ યોજાયો. સાથે સાથે હનુમાનજીના ચરિત્ર, ઉપાસના, સેવકભકિત તથા આજના મોબાઈલ યુગમાં પણ એક ચિત્તે સુંદરકાંડના પઠનથી મળતી મનની શાંતિ અને આનંદની વિસ્તૃત સમજુતી ૧૦૦૦ જેટલા બહોળા ઉપાસકોને આપવામાં આવી હતી. સુંદરકાંડના યજમાન અને કેપિટલ ઓફસેટના માલિક શ્રી રમેશભાઈ પટેલ દ્વારા સર્વે ભકતોને સુંદરકાંડની પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અંબાજી મંદિરની જેમ ગબ્બરની બિલકુલ સામે માતાજીને રથમાં બિરાજમાન કરી સ્થાપન કરવામાં આવ્યું છે. જયાં યજમાનોના હસ્તે બે ટાઈમ પૂજા અને આરતી કરવામાં આવે છે. જેમની કૃપાદષ્ટિ અને આશીર્વાદથી શ્રી જય અંબે પરિવારના આ શ્યામ અને શિવ પરિવારની ઘીમાંથી બનાવેલ મૂર્તિઓ અને યજ્ઞશાળાની બાજુમાં દર્શનાર્થે બિરાજમાન કરવામાં આવી છે.

શકિતચોકના પ્રાંગણમાં વિશાલ મંડપમાં મંદિર, રોપવે, રોડ, ઝરણું, માત્રીવાવ કંકાવટી, ગુફાઓ, ગરબે રમતી બાળાઓ, ચબુતરો, સંસ્કૃત પાઠશાળા, રાજમહેલ, સુંદર લાઈટીંગ વિગેરેનો સમન્વય કરી ધોળાકુવાના બળીયાદેવ યુવક મંડળ દ્વારા આકર્ષક અને કલાત્મક ગબ્બરનું નિર્માણ કરવામાં આવ્યુ છે. યજ્ઞ મંડપમાં શાંતિ જળવાય અને ભૂલકાંઓને આનંદ મળે તે માટે અલાયદી જગ્યામાં ટ્રેમ્પોલીન, બુલરાઈડ, જંપીગ, બંજી જંપીંગ જેવી નવીન ગેઈમની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે તો ધર્મપ્રેમી પરિવાર જનોને દર્શનનો લાભ લેવા શ્રી જય અંબે પરિવારના પ્રમુખ શ્રી લલિત પટેલનું હાર્દિક નિમંત્રણ છે.

# ગુનાખોરી અટકાવવા એસ.ટી. ડેપોમાં રાઉન્ડ ધ ક્લોલ પોલીસનો પહેરો

**છેડતી, મારામારી અને પીક પોકેટીંગ અટકાવવા ખાનગી વેશમાં પોલીસ ગોઠવાશે : પીઆઈ એ જગ્યાની માંગણી સાથે ડેપો મેનેજર સાથે બેઠક યોજી**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર એસ.ટી. ડેપો ગુનેગારોનો અડ્ડો બની ગયું છે ત્યારે આ સ્થિતિને ધ્યાને લઈ એસ.ટી.ડેપોમાં ખાનગી વેશમાં રાઉન્ડ ધ કલોક પોલીસને રાખવાનો નિર્ણય લેવાયો છે. એસ.ટી. ડેપોમાં પોલીસ ચોકી બનાવવાની વર્ષો જુની માંગણી છતાં જગ્યા ફાળવણી ન થતાં ચોકી બની શકી નથી આ તમામ પ્રશ્નોને લઈ સે-૭ પી.આઈ.એ આજે ગાંધીનગર એસ.ટી. ડેપો મેનેજર સાથે પણ બેઠક ગોઠવી હતી.

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં ચેઈન સ્નેચીંગ, ચિલઝડપ, પીક પોકેટીંગ, કોલેજમાં અપડાઉન કરતા વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી, કોલેજીયન યુવતીઓ સાથે શાબ્દિક છેડતી જેવા બનાવો બને છે જેને ગંભીરતાથી લઈ પોલીસ દ્વારા ડેપોમાં જગ્યાની માંગણી વર્ષોથી કરવામાં આવી છે પરંતુ એસ.ટી.તંત્રને આ બાબત સાવ સામાન્ય લાગતી હોય તેમ પોલીસને બેસવા એક નાની ચોકી જેટલી જગ્યાની વ્યવસ્થા પણ કરી આપવામાં આવતી નથી જેનો ભોગ નિર્દોષ ગુનેગારોએ બનવું પડે છે અને પોલીસના અભાવે ગુનેગારો બેફામ બની ગયા છે. ડેપોમાં તક મળતા જ ગુનેગારો દ્વારા પીક પોકેટીંગ કરી લેવાના પણ સંખ્યાબંધ કિસ્સા બને છે. જયાં સુધી ડેપો દ્વારા જગ્યાની ફાળવણી નહીં થાય ત્યાં સુધી ખાનગી વેશમાં એક પોલીસને રાઉન્ડ ધ કલોક મુકવામાં આવશે તેમ સે-૭ પી.આઈ. એલ.બી. મોણપરાએ જણાવ્યું છે. તે ઉપરાંત ડેપો મેનેજર સાથે પી.આઈ.એ બેઠક યોજીને આ તમામ પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા પણ કરી હતી.

**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં ખાસ વળતર**

શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા દ્વારા સંચાલિત

**યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર**

**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર**

| | |
|---|---|
| ગુજરાત સુતી ખાદી | ૨૫% વળતર |
| પોલીવસ્ત્ર ખાદી | ૨૫% વળતર |
| પરપ્રાન્ત ખાદી | ૧૫% વળતર |
| રેશમ ખાદી | ૧૫% વળતર |
| ગરમ ખાદી | ૧૫% વળતર |

અમારે ત્યાં શેત્રંજી, આસન, આસનપટ્ટા, નાહવાના રૂમાલ, હાથરૂમાલ, બેડશીટ, પીલોકવર, ચોરસ ગાદી, તૈયાર લેંઘા, ઝભ્ભા, સદરા, સુતરાઉ ખાદી, પોલીવસ્ત્ર ખાદી, ગરમ ખાદી અને ગ્રામોદ્યોગ સાબુ, લિમડા સાબુ તથા સરકારશ્રી દ્વારા માન્ય ફર્નિચર મળશે.

સંસ્થાના અન્ય કેન્દ્રો : ● ગ્રામોદ્યોગ ગાંધી હાટ, સ્ટેશન રોડ, મોડાસા ● યોગીકૃપા ખાદી ભંડાર - સ્ટેશન રોડ, મેઘરજ ● યોગીકૃપા ખાદી ભંડાર - આકાર કોમ્પલેક્ષ, ભિલોડા ● અંબિકા ખાદી ભવન, પૂર્ણિમા કોમ્પલેક્ષ, અંબાજી

● પ્રમુખશ્રી - ઉષાબેન કે. ત્રિવેદી ● મંત્રીશ્રી - ધરમેન્દ્ર સી. યોગી

● વ્યવસ્થાપક - જશવંત સી. યોગી

નોંધ : તા. ૨/૧૦/૧૪ થી તા. ૩૧/૩/૧૫ સુધી વળતરનો લાભ આપવામાં આવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૪
સૂર્યાસ્ત : ૬.૦૨

## તાપમાન

મહત્તમ : ૩૪.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૬૦ ટકા

## મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :

હેપ્પી ન્યુ ઈયર : ૨.૩૦, ૬.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦, ૧.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦

હૈદર : ૪.૩૦

પ્યારવાલી લવસ્ટોરી (મરાઠી) : ૭.૩૦

બેંગ બેંગ : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૬ :

હેપ્પી ન્યુ ઈયર : ૬.૩૦

બેંગ બેંગ : ૧૦.૦૦

હૈદર : ૪.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

હેપ્પી ન્યુ ઈયર : ૯.૩૦, ૧.૦૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૪૫

સ્ક્રીન-૨ :

હેપ્પી ન્યુ ઈયર : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૨.૧૫, ૬.૦૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. સવિતાબેન લાલજીભાઈ મહેતા (ઉ.વ.૮૨) પ્લોટ નં. ૨૬૪/૪, સેક્ટર-૨૯, ગાંધીનગર
- સ્વ. રમણભાઈ મોતીભાઈ વાળંદ (ઉ.વ.૬૪) મુ. ધણપ, તા.જી. ગાંધીનગર
- સ્વ. જાનકી નીલેશભાઈ ઠાકોર (ઉ.વ.૨) સેક્ટર-૧૩, છાપરાં, ગાંધીનગર